# Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 21

આશાજી તે માંહે જે જીવ અમતણા હોશે, તે રહેશે છત્ર હેઠજી;
તે વેલામાંહે પીર જોઇને લેશે, લેશે શાહજીને પાસ. હરી. (૨૫૧)

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઇજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

આશાજી મન થર રાખો, ધરમે ચાલો, કરો ગુરસું પ્યારજી;
કાલે કાયા પડી ગલી જાશે, હોશે પલત્ર ખુઆર. હરી૦ (૨૫૭)

## Day 21 (continued)

આશાજી કાયા રતન કાયકું ગુમાવો, મુરખ કાંએ જનમ હરાવોજી;
જનમ તમારો એલે જાશે, હાથ ન આવે કાંઇ. હરી૦ (૨૫૮)

આશાજી કાયા કાચી મુલ ચુકાવો, તો દસોંદ તણું ફલ પામોજી;
ગુરનરને તમે લોભી મત જાણો, એ છે સાર શરીર. હરી. (૨૫૯)

આશાજી સાર શરીરે શાહ ભરપુર બેઠા, કમી તો કુછ નાંહીજી;
પુરી કમાઇના ફલજ પામો, પામો તે માહાદનમાંહે. હરી. (૨૬૦)

આશાજી સાર શરીરતો સાહેબે સરજ્યાં, તેને લોભ નહી લગારજી;
છુટવા કારણ જીવોને કહયું. તે ગુરનર આપોહીઆપ. હરી. (૨૬૧)

આશાજી હમ કુછ નાંહી તમે છો નાથ, મહેર કરો મોરા સામીજી;
વચન તમારા એહીજ બોલો, તમે છો મોટા નાથ. હરી. (૨૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)